
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૮ | ૧૮ ઓક્ટોબર, ૨૦૨૧, સોમવાર; આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના આઈટી સેક્ટરમાં ૧ લાખ રોજગારી

**દેશની આઈટી કંપનીઓમાં લાખથી વધુ ફ્રેશર્સને તક : દેશની મોટી આઈટી કંપનીઓમાં ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલ અને વિપ્રો કંપની તરફથી ક્વાર્ટર રિઝલ્ટની જાહેરાત સાથે દાવો કરાયો : કોરોના મહામારી વચ્ચે ડિજિટલ ટેલેન્ટની ડિમાન્ડ વધી**



નવી દિલ્હી, તા.૧૭

કોરોના મહામારીની વચ્ચે ડિજિટલ ટેલેન્ટની ડિમાન્ડ ઘણી વધી છે. એવામાં દેશની આઈટી કંપનીઓ મોટાપાયે હાયરિંગ કરી રહી છે. તેમાં ફ્રેશર્સની સંખ્યા સૌથી વધારે છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દેશની ચાર મોટી આઈટી કંપની ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલ અને વિપ્રો એક લાખથી વધારે ફ્રેશર્સને હાયર કરશે. આ દાવો ચારેય કંપનીઓ તરફથી ક્વાર્ટર રિઝલ્ટની જાહેરાત સાથે કરવામાં આવ્યો છે.


દેશની સૌથી મોટી આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ એટલે ટીસીએસે કહ્યું કે તે ચાલુ નાણાંકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૩૫,૦૦૦ ફ્રેશર્સને હાયર કરશે. આ હાયરિંગ પછી ચાલુ નાણાંકીય વર્ષમાં તેના કુલ હાયરિંગનો આંકડો ૭૮,૦૦૦ સુધી પહોંચી જશે. છેલ્લાં ૬ મહિનામાં કંપની ૪૩,૦૦૦ ગ્રેજ્યુએટને હાયર કરી ચૂકી છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ટીસીએસનો એટ્રિશન રેટ વધીને ૧૧.૯ ટકા થઈ ગયો જે જૂન ક્વાર્ટરમાં ૮.૬ ટકા હતો. કંપની તરફથી કહેવામાં આવ્યું છે કે તે વધતા એટ્રિશન રેટને લઈને ચિંતિત છે. માનવામાં આવી રહ્યું છે કે આગામી ૨-૩ અઠવાડિયામાં તેમાં તેજી જળવાઈ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## નેપાળી વિમાનભારતીય સીમામાં ૪૦૦ મીટર ઘુસ્યુ : સેના એલર્ટ

નવીદિલ્હી,તા.૧૭

ફરી એક વખત નેપાળના વિમાનો ભારતીય સરહદમાં પ્રવેશ્યાનો કિસ્સો સામે આવ્યો છે. સશસ્ત્ર સીમા બળ સહિત ભારતીય સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. જણાવવામાં આવી રહ્યું છે કે નેપાળનું વિમાન લાંબા સમયથી નેપાળને અડીને આવેલા બિહારના મહારાજગંજ જિલ્લાના સોનૌલી ગામ પર ચક્કર મારી રહ્યુ હતુ અને થોડા સમય માટે પરત ફર્યું હતું.



મળતી માહિતી મુજબ, નેપાળના ભૈરવ ગૌતમ બુદ્ધ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ત્યાંથી એક વિમાન ભારતીય સરહદની અંદર લગભગ ૪૦૦ મીટર પ્રવેશ્યું હતુ આ ઘટના શુક્રવારે બપોરે ૧ વાગ્યે સામે આવી છે. લાંબા સમય સુધી ભારતીય સરહદમાં અવરજવર કર્યા બાદ વિમાન નેપાળ પરત ફર્યું.

આ ઘટના પછી, ભૈરહવા સ્ટેશનના સુપરિન્ટેન્ડન્ટ દર્શન ધીમરેએ કહ્યું કે ખરાબ હવામાન અને લેન્ડિંગ સિગ્નલોની ગેરહાજરીને કારણે આવી સમસ્યાઓ ઉભી થાય છે. જ્યારે પણ ઉત્તર દિશામાં હવામાન ખરાબ થાય છે ત્યારે વિમાનને લેન્ડિંગ માટે દક્ષિણથી આવવું પડે છે. વિમાનના સુરક્ષિત પરિભ્રમણ માટે ભારતીય સરહદ પર જવું પડે છે. આ ત્યારે જ થાય છે જ્યારે હવામાન ખરાબ હોય.

તે જ સમયે, નેપાળ એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓનું કહેવું છે કે ભૈરવ એરપોર્ટ પર સુરક્ષિત ઉતરાણ માટે વિમાનને લગભગ ૪ કિમીની ત્રિજ્યાની જરૂર છે. ભારતની સરહદ માત્ર દક્ષિણ દિશામાં ત્રણ કિલોમીટરના અંતરે પડે છે, તેથી વિમાને મજબૂરીને કારણે ભારતીય સરહદમાં પ્રવેશ કરવો પડે છે. વિમાનનો પાયલોટ ગોરખપુર, વારાણસી એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલની પરવાનગી સાથે ભારતીય વિસ્તારમાં ઉડાન ભરે છે.

જો કે, આ પ્રથમ વખત નથી કે જ્યારે નેપાળથી વિમાન ભારતીય ક્ષેત્રમાં ઘુસી ગયું હોય. આ પહેલા પણ ઘણી વખત નેપાળના વિમાનો ભારતીય સરહદમાં આવી ચડે છે. વિદેશી વિમાન ભારતીય સરહદમાં પ્રવેશતાની સાથે જ તેની માહિતી રડાર દ્વારા પ્રાપ્ત થાય છે.

## કેરળમાં પૂરને કારણે ૧૮ના મોત : અનેક લાપતા

કોચી, તા.૧૭

કેરળમાં ભારે વરસાદ અને પૂરને કારણે અત્યાર સુધીમાં ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ડઝનબંધ લોકો લાપતા થયા છે. કેરળના મુખ્યમંત્રી પિનારાયી વિજયને જણાવ્યું હતું કે, રાજ્યના કેટલાક ભાગોમાં સ્થિતિ ખૂબ જ ગંભીર છે. લોકોના જીવ બચાવવા માટે અમે શક્ય તમામ પ્રયત્નો કરીશું, અમે આર્મી, એરફોર્સ અને નેવીની મદદ લીધી છે. જિલ્લાઓમાં રાહત કેમ્પ સ્થાપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ તમામ અસરગ્રસ્ત જિલ્લાઓના DMને રાહત કેમ્પ ખોલવાનો નિર્દેશ આપ્યો કેરળની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી હતી. કોટ્ટાયમ, પઠાણમથિટ્ટા, ઈડુક્કી સૌથી ખરાબ અસરગ્રસ્ત શહેરો છે, જ્યાં પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. મુખ્યમંત્રીએ તમામ અસરગ્રસ્ત જિલ્લાઓના ડીએમ ને રાહત કેમ્પ ખોલવાનો નિર્દેશ આપ્યો છે, જ્યાં લોકોને મદદ મળી શકે. આ સાથે જણાવ્યું હતું કે, રાહત શિબિરમાં કોવિડ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન થવું જોઈએ. પઠાણમથિટ્ટા, તિરુવાનંદપુરમ, એર્નાકુલમ, ઈડુક્કી, ત્રિશૂર જિલ્લાઓમાં પૂરની ચેતવણી. કેરળમાં પૂરની સ્થિતિ વિશે આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, ઘણા જિલ્લાઓમાં બંધોમાં પાણીનું સ્તર ખૂબ ઉંચું છે.



## સિધ્ધુએ એજન્ડા રજૂ કરી સોનિયા ગાંધી પાસે મળવાનો સમય માગ્યો

નવી દિલ્હી, તા.૧૭

પંજાબમાં પ્રદેશ કોંગ્રેસ કમિટી (પીસીસી) ના અધ્યક્ષ નવજોત સિંહ સિદ્ધૂ ક્યારે કયો નિર્ણય લઈ લે તેનો અંદાજો લગાવવો આસાન નથી. ઘણા દિવસથી નારાજગી એટલે રિસાવવું મનાવવું અને વેટ એન્ડ વોચ જેવા અનુમાનો વચ્ચે જ્યારે સમાચાર આવ્યા કે સિદ્ધૂ પંજાબના અધ્યક્ષ પદ પર બનેલા રહેશે. તો માનવામાં આવે છે કે હવે પંજાબ કોંગ્રેસમાં ઘમાસાણ અટકી ગયું છે. પરંતુ એવું કંઈ લાગતું નથી કારણ કે તેમણે ફરી એકવાર પાર્ટીની વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધી પાસે મળવાનો સમય માંગ્યો છે.

તાજા અપડેટ અનુસાર સિદ્ધૂએ પાર્ટી અધ્યક્ષાના નામે લખેલા પત્રને સોશિયલ મીડિયા પર અપલોડ કર્યા છે. જેના ૧૩ સૂત્રીય એજન્ડાને તેમણે આગામી વિધાનસભા ચૂંટણીના મેનિફેસ્ટોમાં સામેલ કરવાની માંગ કરી છે. જોકે સૂત્રોએ જણાવ્યું હતું કે નવજોત સિંહ સિદ્ધૂએ ૧૫ ઓક્ટોબરે જ આ પત્ર સોનિયા ગાંધીને મોકલી દીધો છે અને તેમની સાથે મુલાકાતનો સમય માંગ્યો છે. પરંતુ અત્યાર સુધી સમય ન મળવાના કારણે તેમણે પત્ર મીડિયામાં જાહેર કરી દીધો છે.



દિપાવલીના આગમનના એંધાણ - દિપાવલી પર્વના આડે માત્ર ૧૩ દિવસ બાકી છે ત્યારે દિવડા બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે... અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જતું પર્વ બીજા અર્થમાં પ્રકાશ પર્વ છે... અને આ પર્વે ઘરે-ઘરે દિવડા પ્રગટાવવાની પરંપરા આપણી સામાજીક અને સાંસ્કૃતિક વિરાસત છે...

## કસમ ખાઉં છું કે જેલમાંથી નીકળ્યા બાદ ડ્રગ્સને હાથ નહીં લગાડું : આર્યન

**અધિકારીઓના કહેવા પ્રમાણે આર્યને દેશના જવાબદાર નાગરિક તરીકે જીંદગી વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી**

મુંબઈ,તા.૧૭

ક્રુઝ શીપ પર ડ્રગ્સ પાર્ટીના ચકચારી કેસમાં પકડાયેલા સુપર સ્ટાર શાહરુખ ખાનનો પુત્ર આર્યન ખાન હાલમાં આર્થર રોડ જેલમાં છે તેને જામીન મળશે કે નહીં તેની ચર્ચા વચ્ચે આર્યન ખાનનુ જેલમાં એનસીબીના અધિકારીઓ અને સમાજસેવી સંસ્થાઓ દ્વારા કાઉન્સિલિંગ થઈ રહ્યુ છે.આ દરમિયાન આર્યન ખાને કહ્યુ છે કે, હું કસમ ખાઉ છું કે જેલમાંથી બહાર આવ્યા બાદ ડ્રગ્સને હાથ પણ નહીં અડાડું. એનજીઓના બે કર્મચારીઓ તેમજ એનસીબીના અધિકારીઓ આ કાઉન્સિલંગમાં સોલ છે.અધિકારીઓના કહેવા પ્રમાણે આર્યન ખાને ભવિષ્યમાં દેશના એક જવાબદાર નાગરિક તરીકે જીંદગી વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

આર્યન ખાન અને બીજા સાત લોકોનુ પણ કાઉન્સિલિંગ થઈ રહ્યુ છે.તેમને એનજીઓ દ્વારા ડ્રગ્સની આદત છોડાવવા માટે મદદ કરાઈ રહી છે.તેમને ડ્રગ્સના કારણે સમાજમાં કયા પ્રકારના ગંભીર પરિણામો આવતા હોય છે તે અંગે સમજ અપાઈ રહી છે. ડ્રગ્સના આરોપીનુ કાઉન્સિલિંગ કરવુ તે એનસીબીની કામગીરીનો એક ભાગ છે.અધિકારીઓનુ કહેવુ છે કે, આર્યન ખાનનો રિસ્પોન્સ બહુ સારો છે અને તે દરેક વાત ધ્યાનથી સાંભળી રહ્યો છે.તેણે વારંવાર ડ્રગ્સથી દુર રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે.કાઉન્સિલિંગ દરમિયાન સમાજના ગરીબ લોકો માટે કામ કરવાની પણ તેણે ઈચ્છા વ્યક્ત કરી છે.

## સૈયદ અલી શાહ ગિલાનીના પૌત્ર સરકારી નોકરીમાંથી બરતરફ

શ્રીનગર,તા.૧૭

જમ્મુ કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઘાટીમાં આતંકવાદી ઘટનાઓમાં તેજી જોવા મળી રહી છે. તે સિવાય કેટલાય સામાન્ય કાશ્મીરી નાગરિકોને પણ મારવામાં આવ્યા છે. આ બધા વચ્ચે જમ્મુ કાશ્મીર પ્રશાસને મહત્વનો નિર્ણય લઈને સૈયદ અલી શાહ ગિલાનીના પૌત્ર અનીસ ઉલ ઈસ્લામને તેની સરકારી નોકરીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યો છે.

અનીસ ઉલ ઈસ્લામ જમ્મુ કાશ્મીરમાં શેર એ કાશ્મીર આંતરરાષ્ટ્રીય સંમેલનમાં રિસર્ચ ઓફિસર તરીકે કામ કરી રહ્યો હતો. જોકે હવે તેને તે સર્વિસમાંથી ટર્મિનેટ કરી દેવામાં આવ્યો છે. તે સિવાય જમ્મુ કાશ્મીરના ડોડા સ્થિત સ્કુલના એક ટીચર ફારૂક અહમદ ભટ્ટને પણ નોકરીમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે.

## આતંકવાદીઓએ ફરી બિન-કાશ્મીરીઓને બનાવ્યા ટાર્ગેટ

નવી દિલ્હી, તા.૧૭

જમ્મૂ કાશ્મીરમાં ફરી એકવાર આતંકવાદીઓએ કાયરતાપૂર્ણ હરકતને અંજામ આપ્યો છે. કુલગામમાં થયેલા આતંકવાદી ફાયરિંગમાં બે બિન કાશ્મીરી મજૂરોના મોત થયા છે. મજૂર બિહારના હોવાનું કહેવામાં આવી રહ્યું છે. ૨૪ કલાકમાં આ ત્રીજો એવો આતંકવાદી હુમલો છે જેમાં બિન કાશ્મીરીઓને નિશાન બનાવવામાં આવ્યા છે.

જોકે આતંકવાદી સેનાની કાર્યવાહીથી એટલા ગભરાઈ ગયેલા છે કે સામાન્ય નાગરિકોને, બિન કાશ્મીરીઓને અને ખાસકરીને હિંદુઓને પોતાનો ટાર્ગેટ બનાવી રહ્યા છે. થોડા દિવસો પહેલાં ઈદગાહ પાસે પાણીપુરીવાળા અરવિંદની હત્યા કરી દીધી હતી.

તેના માથા પર ગોળી મારીને આતંકવાદીઓ ફરાર થઈ ગયા હતા. તો બીજી તરફ પુલવામામાં આતંકવાદીએ એક કારપેન્ટરને ગોળી મારી. હવે એકવાર ફરી આતંકવાદીઓએ ઘરમાં ઘૂસીને બિન કાશ્મીરી મજૂરો પર ફાયરિંગ કરી દીધું.

## બિહારની પેટાચુંટણીમાં તેજ પ્રતાપ યાદવે કોંગ્રેસને ટેકો જાહેર કર્યો

પટણા,તા.૧૭

બિહાર પેટાચૂંટણી પહેલા આરજેડી સુપ્રીમો લાલૂ પ્રસાદના મોટા દિકરા તેજ પ્રતાપ યાદવે પોતાના નાના ભાઈ અને વિપક્ષ નેતા તેજસ્વી યાદવ સાથે ડખ્ખો કર્યો છે. બંને ભાઈઓમાં ટકરાવની સ્થિતી આવી છે, ત્યારે તેજપ્રતાપે જાહેરાત કરી છે કે, તે બિહાર પેટાચૂંટણીમાં કુશેશ્વરસ્થાન સીટ પર કોંગ્રેસના ઉમેદવાર અતિરેક કુમારને પોતાનું સમર્થન આપશે.

જોકે, તેજ પ્રતાપે જાહેરાત કરી છે કે તેઓ તારાપુર વિધાનસભા બેઠક પર આરજેડી ઉમેદવારને ટેકો આપશે.

### કોરોનાને હરાવવા ભારતનું જોરદાર અભિયાન

## ભારત આગામી સપ્તાહે કોરોના વેક્સિનના ૧૦૦ કરોડ ડોઝની સિધ્ધિ હાંસલ કરશે

**અત્યાર સુધી ૯૭.૬૨ કરોડ વેક્સીન ડોઝ અપાઈ ચુક્યા છે : શનિવારે ૩૮ લાખ ડોઝ આપવામાં આવ્યા હતા**

નવી દિલ્હી,તા.૧૭

કોરોના સામે ચાલી રહેલી લડાઈના સૌથી મોટા હથિયાર તરીકે જોવાતી કોરોનાની રસી આપવાના મામલે ભારત નવો ઈતિહાસ સર્જવા જઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આગામી સપ્તાહમાં ભારત ૧૦૦ કરોડ રસીના ડોઝ આપવાનો માઈલ સ્ટોન હાંસલ કરશે.દેશમાં અત્યાર સુધીમાં ૯૭.૬૨ કરોડ વેક્સીન ડોઝ અપાઈ ચુકયા છે.શનિવારે એક દિવસમાં ૩૮ લાખ ડોઝ આપવામાં આવ્યા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં ૬૯.૪૫ કરોડ લોકોને કોરોના વેક્સીનનો પહેલો ડોઝ અને ૨૮ કરોડ લોકોને બે ડોઝ આપવામાં આવ્યા છે. સરકારે ૧૦૦ કરોડ ડોઝ આપવાના લક્ષ્યાંકને હાંસલ કરવાની તૈયારીના ભાગ રુપે રસીકરણ અભિયાન પર એક ગીત પણ આજે લોન્ચ કર્યુ છે.જેને કૈલાશ ખેરે અવાજ આપ્યો છે.દરમિયાન વર્લ્ડ બેંકે પણ ભારતને કોરોના રસીકરણ અભિયાન માટ અભિનંદન આપ્યા છે.નાણા મંત્રી સાથેની બેઠકમાં વર્લ્ડ બેંકના અધ્યક્ષ ડેવિડ માલપાસે આ અંગે ચર્ચા કરી હતી અને કહ્યુ હતુ કે, આ બેઠકમાં ક્લાઈમેટ ચેન્જ અંગેના ભારતના પ્રયાસો પર પણ ચર્ચા કરવામાં આવી છે.

● વિસનગરા નાગર બેસણું ●



અમારા માતૃશ્રી
વિમળાબેન કાંતિલાલ પંડ્યા
તા.૧૦-૧૦-૨૦૨૧, રવિવારના રોજ
દેવલોક પામ્યા છે.
સદ્દગતનું બેસણું તા.૧૯-૧૦-૨૦૨૧, મંગળવાર ના રોજ રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં.૮૦૦/૨, જાગૃતિપાર્ક, જુની આર.ટી.ઓ. નજીક, સેક્ટર-૩૦, ગાંધીનગર. સમય : સવારે : ૧૦.૦૦ થી ૦૧.૦૦

અસિતકુમાર કાંતિલાલ પંડ્યા મો.૯૯૯૮૬ ૩૪૪૭૪
અતુલકુમાર કાંતિલાલ પંડ્યા મો.૯૮૨૪૨ ૬૬૬૯૨, ૯૯૨૪૭ ૫૧૧૪૦
મિનલબેન ભરતકુમાર રાવલ
વિરલ અતુલકુમાર પંડ્યા, કવન અસિતકુમાર પંડ્યા, રવિ અતુલકુમાર પંડ્યા

પીયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમય અને સ્થળે રાખેલ છે.
ઈન્દ્રવદન પ્રભાશંકર વ્યાસ, બકુલેશ પ્રભાશંકર વ્યાસ